દાખલ તારીખ : ૦૭/૧૨/૨૦૧૨.
નોંધણી તારીખ : ૦૭/૧૨/૨૦૧૨.
ફેસલ તારીખ : ૩૦/૦૪/૨૦૨૨
સમયગાળો : વર્ષ માસ દિવસ.

જામનગર જીલ્લાના કર્મચારી વળતર ધારા અન્વયેના કમિશ્નરશ્રી સમક્ષ,
મુ.જામનગર.

વ.કો.(નોન ફેટલ) કેસ નં.૨૦/૨૦૧૨.

આંક :

મજીદભાઈ બાબુભાઈ પઠાણ મૈયતના વારસો:
૧. રહીમાબેન અબ્દુલ મજીદભાઈ પઠાણ.(પત્ની)
૨. યુસુફભાઈ અબ્દુલ મજીદભાઈ પઠાણ.(પુત્ર)
રે.જુની ઈદ મસ્જીદ, નુરી રજા ચોક,
બેડી, જામનગર. ... અરજદારો.

વિરુધ્ધ.

રાજ ધન્વંતરી ફાર્મસી.
ઈન્ડીઅન ગેસના ગોડાઉન સામે,
જુના બંદર રોડ, બેડી,જામનગર. ... સામાવાળા.

વિષય: વર્કમેન કોમ્પેન્સેશન એકટ અન્વયે વળતર માટેની અરજી.

અરજદારો તરફે વિ.વકીલ શ્રી પી.એ.વાડોદરીયા.
સામાવાળા તરફે વિ.વ.શ્રી પી.આર.જોષી.

## :: જ જ મે ન્ટ ::

(૧) આ કામના અરજદારોએ કામદાર વળતર અધિનિયમ ૧૯૨૩ મુજબ વળતર મેળવવાની અરજી કરેલી છે. આ કામના મુળ અરજદાર મજીદભાઈ બાબુભાઈ પઠાણ અત્રેના કેસની કાર્યવાહી દરમ્યાન અવસાન પામેલા હોવાથી આ કામના અરજદારો/ગુજરનારના આશ્રીતોને આંક-૮ ની અરજી ઉપર થયેલ હુકમ મુજબ પક્ષકાર તરીકે જોડવામાં આવેલ છે. અત્રેની અરજીની ટુંકી હકીકત નીચે મુજબ છે.

- **અરજદારની અરજીની વિગત :**

(૧/૧) આ કામના ગુજરનાર સામાવાળાની સંસ્થામાં કાયમી કામદાર તરીકે માસીક રુ.૪૯૧૧-૪૦ પૈસાના પગારથી ફરજ બજાવતા હતા અને તેથી ગુજરનાર

અને સામાવાળા વચ્ચે કામદાર–માલીકના સબંધો ઉત્પન થયેલા હતા.

(૧/૨) ગુજરનાર અરજદારએ અત્રેની અરજીમાં વધુમાં જણાવેલું છે કે, તેમની નોકરી દરમ્યાન વારંવાર સામાવાળા પાસે મૌખિક માંગણી કરવા છતાં સામાવાળાએ હાજરી કાર્ડ, પગાર ચીઠ્ઠી, ઓળખ કાર્ડ આપેલ નહી. તેથી ગુજરનારની નોકરી અંગેનો તમામ રેકર્ડ સામાવાળાના કબજામાં છે. ગુજરનાર અરજદારે તેમની અરજીમાં વધુમાં જણાવેલું છે કે, ગુજરનાર સામાવાળાની સંસ્થામાં તારીખ:૦૩/૦૩/૨૦૦૯ ના રોજ ફરજ બજાવતા હતા તે દરમ્યાન ચાલુ ફરજ દરમ્યાન અકસ્માતે પડી જવાથી શરીરના ભાગે ગંભીર ઈજા તથા ફ્રેકચર વિગેરે મેડીકલ પેપર્સ મુજબની ઈજાઓ થયેલ અને કાયમી ખોડ રહી જવા પામેલ.

(૧/૩) ગુજરનાર અરજદારએ અત્રેની અરજીમાં વધુમાં જણાવેલું છે કે, ગુજરનારને સારવાર અર્થે સામાવાળા હોસ્પીટલ લઈ ગયેલા અને તે વખતે સારવાર ખર્ચ પટે રુ.૫૦૦૦/– આપેલા અને તે વખતે સામાવાળાએ ગુજરનારને વિશ્વાસ ભરોસો આપેલો કે તમોને અકસ્માત વળતરની રકમ, સારવાર દરમ્યાનનો પગાર, તથા સારવારનો ખર્ચ ચુકવી આપીશુ અને આ અકસ્માતની પોલીસ ફરીયાદ ન કરવાનું જણાવતા ગુજરનારે સદરહુ અકસ્માત અંગેની પોલીસ ફરીયાદ કરેલી નથી.

(૧/૪) ગુજરનાર અરજદારએ અત્રેની અરજીમાં વધુમાં જણાવેલું છે કે,સદરહુ અકસ્માત ચાલુ ફરજ અને ફરજના ભાગરુપે બનેલો હોવાથી આ કામના સામાવાળા કામદાર વળતર ધારા હેઠળ અકસ્માત વળતરની રકમ,વ્યાજ,પેનલ્ટી વિગેરે ચુકવવા માટે જવાબદાર થયેલા છે.

(૧/૫) ગુજરનાર અરજદારે વધુમાં જણાવેલું છે કે, અકસ્માત સમયે ગુજરનાર ની ઉંમર ૫૦ વર્ષની હતી અને માસીક રુ.૪૯૧૧–૪૦ પૈસા પગાર હતો અને તે મુજબ વર્કમેન કોમ્પેન્સેશન એકટ અન્વયે ગણતરી કરતા જરુરી ફેકટર ૧૫૩.૦૯ લાગુ પડતુ હોય અરજદારે કમાવાની શકિત૧૦૦ ટકા ગુમાવેલ હોય, જેથી મળવાપાત્ર અકસ્માત વળતરની રકમ રુપિયા :૪,૫૧,૧૩૧–૦૯ ની રકમ મેળવવા અરજદાર હકકદાર થયેલા છે.

(૧/૬) ગુજરનાર અરજદારએ અત્રેની અરજીમાં વધુમાં જણાવેલું છે કે, સદરહુ અકસ્માતની જાણ સામાવાળાને હતી તેમજ અરજદારે વકીલ મારફત તારીખ:૨૫/૦૩/૨૦૧૦ના રોજ રજી.એ.ડી.થી નોટીસ મોકલેલી જેનો સામાવાળાએ જવાબ

આપેલ નથી.ત્યારબાદ અરજદારે ફરી રજી.એ.ડી.થી નોટીસ તારીખ:૦૬/૦૨/૨૦૧૨ ના રોજ મોકલેલી જે નોટીસ મળી જવા છતાં સામાવાળાએ નોટીસનું પાલન કરેલ નથી અને તે રીતે સામાવાળાએ કામદાર વળતર ધારાની જોગવાઈ મુજબ નિયત સમય મર્યાદામાં અકસ્માત વળતરની રકમ નામદાર કામદાર વળતર ધારાના કમિશ્નરશ્રી સમક્ષ ડીપોઝીટ કરાવેલ નહી હોવાથી આ કામના સામાવાળા અકસ્માતની તારીખથી વળતરની રકમ પર ૧૨ ટકા લેખે વ્યાજ તથા ૫૦ ટકા પેનલ્ટી ચુકવવા જવાબદાર થયેલા છે.

(૧/૭) ગુજરનાર અરજદારે વધુમાં અત્રેની અરજીમાં જણાવેલું છે કે, પક્ષકારો જામનગર જિલ્લાના કાયમી રહીશ હોય તથા સદરહુ અકસ્માત જામનગર જિલ્લામાં બનેલો હોવાથી હાલની વળતર અરજી ચલાવવા નામદાર કમિશ્નરશ્રીને હકુમત અને સત્તા છે. સદરહુ અકસ્માત તારીખ:૦૩/૦૩/૨૦૦૯ ના રોજ બનેલ હોય તેથી વિલંબ માફ કરવાની અરજી કરેલી છે.

(૧/૮) ગુજરનાર અરજદારએ અત્રેની અરજીમાં વધુમાં જણાવેલું છે કે, અકસ્માત અગાઉ અરજદાર જે કામગીરી કરતા હતા તેવી અને તેટલી કામગીરી અકસ્માતના કારણે રહેલ કાયમી ખોડના કારણે કરી શકતા ન હોય હાલની વળતર અરજી લાવી દાદ માંગેલી છે કે, આ કામના સામાવાળા વળતર અરજી પારા-૫ ની હકીકતે વળતર ની રકમ રૂા.૪,૫૧,૧૩૧.૦૯ પૈસા તથા અકસ્માત વળતરની રકમ પર અકસ્માત તારીખથી ૧૨ ટકા વ્યાજ તથા ૫૦ ટકા પેનલ્ટી ચુકવવા તથા અરજી પેટે થનાર ખર્ચ અરજદારને ચુકવવા સામાવાળા જવાબદાર છે.

- **<u>સામાવાળાના જવાબની વિગતો :</u>**

(૨) આ કામે સામાવાળા તરફે આંક-૬થી જવાબ રજુ કરેલો છે. સદરહું જવાબમાં સામાવાળાએ જણાવેલું છે કે, અત્રેનો કેસ અરજદારે અકસ્માત તારીખથી ત્રણ વર્ષ બાદ કરેલ હોય જેને સમય મર્યાદાનો બાધ નડતો હોય રદ થવાને પાત્ર છે. સામાવાળાએ તેમના જવાબમાં આ કામના અરજદાર સામાવાળાની સંસ્થામાં કાયમી કામદાર તરીકે માસીક પગાર રૂા.૪૯૧૧/૪૦ પૈસાથી કામ કરતા હોવાનો, અરજદાર સામાવાળાને ત્યાં તારીખ:૦૩/૦૩/૨૦૦૯ ના રોજ ફરજ બજાવતી વખતે અકસ્માતે પડી જવાથી શરીરના ભાગે ગંભીર ઈજા તથા ફ્રેકચર થયેલ તેમજ મેડીકલ પેપર્સ મુજબની ઈજાઓ થયેલ હોવાની અને કાયમી ખોડ રહી જવાની

અરજદારે જણાવેલી હકીકતોનો ઈન્કાર કરી વધુમાં જણાવેલું છે કે, આ કામના અરજદારનો કોઈપણ અકસ્માત સામાવાળાને ત્યાં ફરજ દરમ્યાન થયેલો જ નથી પરંતુ તેમને જાણવા મળ્યા મુજબ આ કામના અરજદારને તારીખ:૦૩/૦૩/૨૦૦૯ ના રોજ પેરેલીસીસનો એટેક આવેલ અને સામાવાળાએ તેઓના તમામ કામદારોની કામદાર વળતર ધારા તળે યુનાઈટેડ ઈન્ડીયા ઈન્સ્યોરનસ કંપની લીમીટેડ પાસેથી વીમા પોલીસી લીધેલ હોય માટે તે અંગેની જાણ સામાવાળાએ વીમા કંપનીને કરેલ અને ત્યારબાદ વીમા કંપની તરફથી હાલનો આ કલેઈમ એમ્પ્લોયમેન્ટ ઈન્જરી ન હોવા સબબ વીમા કંપનીએ સદરહું કલેઈમ રીજેકટ કરેલ અને આ કલેઈમ અંગેનું કોઈપણ વળતર ચુકવેલું નથી.

(૨/૧) સામાવાળાએ જવાબમાં વધુમાં જણાવેલું છે કે, ઉપરોકત સંજોગોમાં આ કામના અરજદારે સામાવાળા પાસેથી અનડયુ એડવાન્ટેજ મેળવવા હાલની અરજી કરેલ હોય તે સંજોગોમાં આ કામના અરજદારે રજુ કરેલ વળતર મેળવવાની અરજીમાં માંગેલ કોઈપણ દાદ સામાવાળા પાસેથી મેળવવા અરજદાર કાયદેસર રીતે હકકદાર થતા ન હોય તેમ ઠરાવી હાલની અરજી ખર્ચ સહિત રદ કરી સામાવાળાએ જે હાલાકી ભોગવવી પડેલ હોય તે અંગે હેવી કોસ્ટ અપાવવા અરજ કરેલ છે.

(૩) આ કામે મુળ અરજદાર ચાલુ કામે અવસાન પામતા આંક : ૮ ની અરજી રજુ કરી ગુજરનારના વારસોએ તેઓને પક્ષકાર તરીકે જોડવા અરજી કરેલી, સદરહુ અરજી ઉપર થયેલ હુકમ મુજબ હાલના અરજદારોને પક્ષકાર તરીકે જોડવામાં આવેલ છે.

(૪) વધુમાં અત્રેના તબકકે એ નોંધવું જરૂરી છે કે, અરજદાર દ્વારા આંક : ૧૬ ની અરજી રજુ કરી સામાવાળાએ અકસ્માત સમયે ધી યુનાઈટેડ ઈન્ડીયા ઈન્સ્યોરન્સ કાું.લીમીટેડની પોલીસી લીધેલી હોવાથી ધી યુનાઈટેડ ઈન્ડીયા ઈન્સ્યોરન્સ કાું. લીમીટેડને પક્ષકાર તરીકે જોડવા અરજ કરવામાં આવેલી. પ્રપોઝડ સામાવાળા ધી યુનાઈટેડ ઈન્ડીયા ઈન્સ્યોરન્સ કાું.લીમીટેડ તરફથી આંક : ૨૩થી સદરહું અરજીનો જવાબ રજુ થયા બાદ મારા પુરોગામીશ્રી દ્વારા ગુણદોષને ઘ્યાને રાખી અરજદારની ધી યુનાઈટેડ ઈન્ડીયા ઈન્સ્યોરન્સ કાું.લીમીટેડને પક્ષકાર તરીકે જોડવાની આંક :૧૬ ની અરજી નામંજુર કરવામાં આવેલી છે. વધુમાં સામાવાળા દ્વારા પણ વીમા કંપનીને પક્ષકાર તરીકે જોડવા માટે આંક : ૨૯થી અરજી રજુ કરવામાં આવેલી. સદરહું અરજી ની સુનાવણી બાદ મારા પુરોગામીશ્રી દ્વારા નામંજુર કરવામાં આવી છે.

(૫) આ કામે અરજદાર તરફથી નીચે મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજુ થયેલા છે.

- **મૌખિક પુરાવો :**

| ક્રમ. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | અરજદાર રહીમાબેન અબ્દુલ મજીદ પઠાણનું પુરાવાનું સોગંદનામું. | ૨૮. |

- **દસ્તાવેજી પુરાવો :**

| ક્રમ. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | અરજદારે સામાવાળાને મોકલેલ રજી.એ.ડી.નોટીસની સ્થળપ્રત તથા રજી.એ.ડી.ની મની રીસીપ્ટ અસલ તથા રજી.એ.ડી. એકનોલોઝમેન્ટ સ્લીપ અસલ. | ૬૭. |
| ૨. | ગુજરનારના રેશનકાર્ડની નકલ. | ૬૮. |
| ૩. | ગુજરનારના પુત્ર ઈસુબ મજીદના ચુંટણી કાર્ડની નકલ. | ૬૯. |
| ૪. | ગુજરનારના પત્ની રહીમાબેનના ચુંટણી કાર્ડની નકલ. | ૭૦. |
| ૫. | ગુજરનાર કામદારના મરણના પ્રમાણપત્રની નકલ. | ૭૧. |
| ૬. | ગુજરનાર મજીદભાઈ પઠાણ જી.જી.હોસ્પીટલમાં અકસ્માત બાદ સારવાર માટે દાખલ થયેલ તેના ડીસ્ચાર્જ કાર્ડની નકલ. | ૭૮. |
| ૭. | ગુજરનાર મજીદભાઈ પઠાણનું ડીસએબીલીટી સર્ટીફીકેટ. | ૭૯. |

(૬) આ કામે સામાવાળા તરફે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલો છે.

- **મૌખિક પુરાવો :**

| ક્રમ. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | સામાવાળા રાજનભાઈ જયંતિલાલ ભાગ્યોદયના પુરાવાનું સોગંદનામું. | ૪૭. |

- **દસ્તાવેજી પુરાવો:–**

| અ.નં. | વિગત. | આંક. |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧. | આ કામના અરજદારના બનાવ અંગે સામાવાળાએ વીમા કંપનીને જાણ કરેલ તે તા.૨૬/૦૪/૨૦૧૦ ના પત્રની નકલ. | ૭૨. |
| ૨. | વીમા કંપની ધ્વારા ઉપરોકત કામદારનો કલેઈમ ડીસમીસ કરેલ તેની જાણ કરતો સામાવાળાને લખવામાં આવેલ તા. ૦૪/૦૫/૨૦૧૦ ના પત્રની નકલ. | ૭૩. |
| ૩. | સામાવાળાએવીમા કંપનીને લખેલ તા.૨૮/૦૩/૨૦૧૨ ના પત્રની નકલ. | ૭૪. |
| ૪. | વીમા કંપની ધ્વારા સામાવાળાને લખવામાં આવેલ તા.૦૬/ ૦૪/૨૦૧૨ ના પત્રની નકલ. | ૭૫. |
| ૫. | સામાવાળાએ લીધેલ વર્કમેન કોમ્પન્સેશન એકટ તળેની વીમા પોલીસીની નકલ. | ૭૬. |
| ૭. | અરજદાર ધ્વારા નોકરીમાં પુન:સ્થાપિત થવા અંગે કરવામાં આવેલ રેફરન્સ કેસ નં.૭૯/૧૦ માં નામદાર મજુર અદાલત જામનગર ધ્વારા આપવામાં આવેલ આંક-૨૬ તળેના એવોર્ડની નકલ. | ૪૦. |

(૭) આ કામે અરજદારની મૌખિક દલીલો સાંભળી સામાવાળા તરફે આંક-૬૧ થી લેખીત દલીલો રજુ કરવામાં આવેલી છે. જે વંચાણે લીધી. સદરહું દલીલોની ચર્ચા નિર્ણયોના કારણોમાં કરવામાં આવી છે.

(૮) આ કામે મારા પુરોગામીશ્રીએ આંક-૧૨ થી મુદાઓ કાઢેલા છે, તે નીચે મુજબ છે.

૧. શું અરજદાર પુરવાર કરે છે કે, તેમની અને સામાવાળા વચ્ચે માલિક-નોકરના સબંધ હતા ?

૨. શું અરજદાર પુરવાર કરે છે કે, તેમને સામાવાળાને ત્યાં ફરજ દરમ્યાન અકસ્માતમાં ઈજાઓ થયેલી?

૩. શું અરજદાર પુરવાર કરે છે કે, ઈજાના કારણે તેમને કાયમી ખોડ આવી ગયેલ છે ? જો હા, તો કેટલી ?

૪. બનાવ સમયે અરજદારની ઉંમર તથા આવક શું હતી ?

૫. શું અરજદાર પુરવાર કરે છે કે,અરજદાર સામાવાળાઓ પાસેથી વળતર ની રકમ મેળવવા હકકદાર છે ? જો હા તો કેટલી રકમ ?

૬. શું અરજદાર પુરવાર કરે છે કે, અરજદાર સામાવાળાઓ પાસેથી વળતર ની રકમ ઉપર વ્યાજ તથા પેનલ્ટી મેળવવા હકકદાર છે ?

૭. આખરી શું હુકમ ?

(૯) ઉપરોકત મુદદાઓનો નિર્ણય નીચે મુજબ છે.

૧. હકારમાં.

૨. નકારમાં.

૩. નકારમાં

૪. અકસ્માત સમયે ગુજરનારની ઉંમર:૫૦ અને માસિક પગાર રુ.૪૦૦૦/

૫. નકારમાં.

૬. નકારમાં.

૭. આખરી હુકમ મુજબ

(૧૦) ઉપરોકત મુદદાઓના નિર્ણયના કારણો નીચે મુજબ છે.

(૧૦/૧) ઉપરોકત મુદદાઓના નિર્ણય માટે પક્ષકારોએ રજુ કરેલા પુરાવાનું મુલ્યાંકન જરૂરી છે,જે નીચે મુજબ છે.

- <u>અરજદારે રજુ કરેલ પુરાવાની એફીડેવીટની વિગતો :</u>

(૧૦/૨) અત્રેના કેસના અરજદાર નંબર : ૧ રહીમાબેન અબ્દુલ મજીદ પઠાણે આંક : ૨૮ થી તેણીના પુરાવાનું સોંગદનામું રજુ કરેલું છે જેમાં તેણીએ આંક : ૧ માં જણાવેલી તમામ હકીકતોનો સોંગદ ઉપર પુનરોચ્ચાર કરી વધુમાં જણાવેલું છે કે, ગુજરનાર અબ્દુલ મજીદભાઈ પઠાણ તેમના પતિ થતા હતા. તેઓ સામાવાળાની ફાર્મસીમાં કાયમી કામદાર તરીકે રુ.૪૦૦૦/-ના વેતનથી ફરજ બજાવતા હતા. તેથી ગુજરનાર તથા સામાવાળા વચ્ચે કામદાર-માલીકના સબંધો હતા. તેણીએ વધુમાં પુરાવાના સોંગદનામામાં જણાવેલું છે કે, મજીદભાઈ બાબુભાઈ સામાવાળાને ત્યાં તારીખ:૦૩/૦૩/૨૦૦૯ ના રોજ ફરજ બજાવતા હતા ત્યારે ચાલુ ફરજ દરમ્યાન અકસ્માતે પડી જતા શરીરના ભાગે ગંભીર ઈજા થયેલ અને તેથી તેને કાયમી ખોડ રહી જવા પામેલ તેમજ ખુબ જ લાંબી સારવાર ચાલેલ અને તેઓ કાયમી પથારીવશ રહેલ અને તેઓએ ૧૦૦ ટકા કમાવાની શકિત ગુમાવી દીધેલ હતી.

(૧૦/૩) અરજદાર નંબર :૧એ તેણીના પુરાવાના સોગંદનામામાં વધુમાં જણાવેલુ છે કે, ગુજરનારને અકસ્માત થતા સામાવાળાની સંસ્થાના માલીક સારવાર અર્થે

જામનગરની જી.જી.હોસ્પીટલમાં લઈ ગયેલા અને તે વખતે તેઓએ સારવાર ખર્ચના રૂા.૫૦૦૦ અરજદારને આપેલ અને જણાવેલું કે તમો અત્યારે રૂા.૫૦૦૦/- રાખો પરંતુ ખર્ચની તમામ રકમ હું તમોને ચુકવી આપીશ. તેમજ સારવાર દરમ્યાનનો પગાર તેમજ અકસ્માત વળતરની રકમ પણ ચુકવી આપીશ, તમો કોઈ અરજી કે ફરીયાદ કરશો નહી. તેથી તેઓએ કોઈ પોલીસ ફરીયાદ કરેલી નથી. અરજદાર નંબર : ૧ એ પુરાવાના સોગંદનામામાં વધુમાં જણાવેલું છે કે,ગુજરનાર તેમના પતિએ સામાવાળાને નોકરી દરમ્યાન વારંવાર મૌખિક માંગણી કરવા છતાં હાજરી કાર્ડ, પગાર ચીઠ્ઠી, ઓળખ કાર્ડ તથા નોકરી અંગેના તમામ રેકર્ડ સામાવાળાએ આપેલ નથી અને આ તમામ રેકર્ડ સામાવાળાના કબજામાં છે.

(૧૦/૪) અરજદાર નંબર:૧એ તેણીના પુરાવાના સોગંદનામામાં વધુમાં જણાવેલું છે કે, ગુજરનારને અકસ્માતને કારણે પડી જવાને કારણે ફ્રેકચર સ્વરુપની ઈજા થયેલ અને હેમરેજ થવાને કારણે શરીરના અડધા અંગો કામ કરતા બંધ થઈ ગયેલા અને તેથી ગુજરનાર મજીદ પઠાણ મૃત્યુ સુધી પથારીવશ રહેલા અને આ સમય દરમ્યાન તેઓની સાર સંભાળ રાખવા માટે બે એટેન્ડન્સની જરુર પડેલ તથા ઈજાને કારણે ગુજરનારને પૌસ્ટિક આહાર લેવો પડેલ અને દવાદારુનો પણ મોટો ખર્ચ કરવો પડેલો હતો. અરજદારોએ વધુમાં ગુજરનારે હોસ્પીટલમાં સારવાર લીધેલ તેના ડીસ્ચાર્જ કાર્ડની નકલ તેમજ ગુજરનારે હોસ્પીટલમાંથી ઈજાને કારણે ખોડ રહી ગયેલ તેનું ખોડનું સર્ટીફીકેટ તથા સામાવાળાને નોટીસ આપવામાં આવેલી નોટીસ અત્રેના કેસમાં રજુ કર્યાની હકીકત જણાવી છે.

(૧૦/૫) અરજદાર નંબર : ૧એ પુરાવાના સોગંદનામામાં વધુમાં જણાવેલું છે કે, હાલની વળતર અરજી દાખલ કરેલી ત્યારે તેમણે રૂા.૪,૫૧,૧૩૧/- મેળવવા અરજી કરેલ હતી પરંતુ તેઓને અરજી કર્યા બાદ પણ લાંબા સમય સુધી પથારીવશ રહેવુ પડેલ અને દાકતરી સારવાર પણ ચાલુ રાખવામાં આવેલી તેમ છતાં ગુજરનારને આ અકસ્માતમાં થયેલી ઈજાઓને કારણે કોઈ જાતનો શરીરમાં સુધારો થયેલ નહી અને સાજા પણ થયેલ નહી અને આખરે ઈજાઓને કારણે તેઓ મૃત્યુ પામેલ છે. જેથી કાયદા મુજબ મળવાપાત્ર વધારાના વળતરની રકમ તે મુજબ દાદ અપાવવા નમ્ર અરજ કરેલ છે.

(૧૦/૬) ઉપરોકત અરજદાર નંબર :૧ની સામાવાળાના વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલી ઉલટ તપાસમાં તેણીએ જણાવેલું છે કે, તેમના પતિએ કામ ઉપર પુન:

સ્થાપિત થવા માટેનો કેસ કરેલો કે કેમ? તેની તેમને ખબર નથી. તેમના પતિએ વકીલશ્રી કવૈયા મારફત આપેલી નોટીસમાં તેમના પતિનો પગાર રૂ.૩૫૦૦/– હોવાનું જણાવવામાં આવેલ છે તે અંગે તેઓ જાણતા નહી હોવાનું જણાવેલુ છે. તેણીએ વધુમાં જણાવેલું છે કે, તેમની જાણ મુજબ તેમના પતિનો માસીક પગાર રૂ.૬૦૦૦/– હતો. અરજદાર નંબર : ૧ એ વધુમાં જણાવેલું છે કે, સદરહુ પગાર માટે તેમની પાસે કોઈ દસ્તાવેજી આધાર નથી. અરજદારે વધુમાં સ્વૈચ્છાએ જણાવેલું છે કે, પગારની પહોંચ આપવામાં આવતી ન હતી. આ કેસમાં તેમના પતિનો પગાર કેટલો દર્શાવેલો છે? તેની તેમને ખબર નથી. અરજદાર નંબર : ૧ એ વધુમાં જણાવેલું છે કે, તેમના પતિ પડી ગયા હતા.વધુમાં અરજદાર નંબર :૧ એ સામાવાળાના વિ.વ.શ્રીના એ સુચનનો ઈન્કાર કરેલો છે કે, તેમના પતિ પડી ગયા હતા અને ત્રણેક વર્ષ પછી અત્રેનો કેસ કરેલ છે. વધુમાં એ વાત ખરી હોવાનું જણાવેલું કે,તેણીના પતિ પડી ગયા પછી જીવતા હતા પરંતુ ત્રણ સાડા ત્રણ વર્ષ સુધી પથારીવશ રહયા હતા અને જમવા નું પણ નળી મારફતે આપવામાં આવતું હતુ.

(૧૦/૭) અરજદાર નંબર : ૧ એ વધુમાં સામાવાળાના વિ.વ.શ્રી.ધ્વારા કરવામાં આવેલી ઉલટ તપાસમાં એ વાતની ખબર નહી હોવાનું જણાવેલું છે કે, તેણીના પતિ કારખાનામાં ગયેલા પરંતુ તેમને કારખાનામાંથી કાઢી મુકવામાં આવેલા.વધુમાં એ વાત ખરી નહી હોવાનું જણાવેલું છે કે, તેમના પતિને પેરાલીસીસનો એટેક આવેલો હતો. અરજદાર નંબર : ૧ એ સામાવાળાના વિ.વ.શ્રી.ની ઉલટતપાસમાં જણાવેલું છે કે, તેમના પતિ કારખાનામાં કામ કરતા હતા તે દરમ્યાન પડી ગયા હતા તેવું દર્શાવતો કોઈ દસ્તાવેજી પુરાવો તેમની પાસે નથી. વધુમાં સામાવાળાના વિ.વ.શ્રીના એ સુચન નો ઈન્કાર કરેલો છે કે, તેમના પતિનો કારખાનામાં પડી ગયેલાનો બનાવ બનેલો ન હોવાથી તેમની પાસે તેના દસ્તાવેજી આધાર નથી.અરજદાર નંબર :૧ એ સામાવાળા ના વિ.વ.શ્રી.ના એ સુચનનો ઈન્કાર કરેલો છે કે, તેમના પતિ કારખાનામાં કામ દરમ્યાન પડી ગયેલ હતા.

- <u>સામાવાળાએ પુરાવામાં જણાવેલી હકીકતો :</u>

(૧૧) આ કામે સામાવાળા રાજનભાઈ જયંતિલાલ ભાગ્યોદયે આંક–૪૭ થી પુરાવાનું સોંગદનામું રજુ કરેલું છે તેમાં તેઓએ આ કામના અરજદાર તેઓને ત્યાં કાયમી કામદાર તરીકે માસીક પગાર રૂ.૪૯૧૧.૪૦ થી કામ કરતા હોવાનો, અરજદારનો સામાવાળાની પ્રિમાઈસીસમાં તારીખ:૦૩/૦૩/૨૦૦૯ ના રોજ ફરજ

બજાવતી વખતે અકસ્માત થયેલ હોવાનો કે અકસ્માતે પડી જવાથી શરીરના ભાગે ગંભીર ઈજા તથા ફ્રેકચર થયેલ હોવાની કે કાયમી ખોડ રહી ગયેલ હોવાની અરજદારે અરજીમાં જણાવેલી હકીકતો ખોટી હોવાનું જણાવી વધુમાં જણાવેલું છે કે, અકસ્માત તારીખ:૦૩/૦૩/૨૦૦૯ ના રોજ થયેલ હોય તો અત્રેની અરજી તેમણે ત્રણ વર્ષ બાદ કરેલ હોય જેને સમય મર્યાદાનો બાધ નડતો હોય આ અરજી રદ થવાને પાત્ર છે.

(૧૧/૧) સામાવાળાએ વધુમાં તેમના પુરાવામાં જણાવેલું છે કે, ખરી હકીકતે આ કામના અરજદારનો કોઈ પણ અકસ્માત તેઓ સામાવાળાની પ્રિમાઈસીસમાં થયેલ નથી. તેમને જાણવા મળ્યા મુજબ આ કામના અરજદારને તારીખ:૦૩/૦૩/૨૦૦૯ ના રોજ ફેકટરી પ્રીમાઈસીસની બહાર કોઈ અન્ય જગ્યાએ કે તેમના ઘરે પેરેલીસીસનો એટેક આવેલ છે. સામાવાળાએ તેમને ત્યાં કામ કરતા તમામ કામદારોની કામદાર વળતર ધારા તળે યુનાઈટેડ ઈન્ડીયા ઈન્સ્યોરન્સ કું.લીમીટેડ પાસેથી વીમા પોલીસી લીધેલ હોય માનવતાના ધોરણે તેમણે આ અંગેની જાણ વીમા કંપનીને કરેલ અને ત્યારબાદ વીમા કંપની તરફથી આ કલેઈમ એમ્પ્લોયમેન્ટ ઈન્જરી ન હોવા સબબ આ કલેઈમ રીજેકટ કરેલ અને આ કલેઈમ અંગેનું કોઈપણ વળતર ચુકવેલું નથી.વધુમાં સામાવાળાએ તેમના પુરાવાની એફીડેવીટમાં જણાવેલું છે કે, આ કામના અરજદાર ધ્વારા જ નામદાર કોર્ટ નં.૨ માં નોકરીમાં પુન:સ્થાપિત કરવા માટેનો કેસ કરેલ જેના એવોર્ડની નકલ અત્રેના કેસમાં રજુ કરેલી છે.

(૧૧/૨) સામાવાળાએ વધુમાં તેમના પુરાવામાં જણાવેલું છે કે, બે ઘડી માની લેવામાં આવે કે આ કામના અરજદાર સાથે બનેલ બનાવ એ એમ્પ્લોયમેન્ટ ઈન્જરી છે તો વળતર ચુકવવાની જવાબદારી વીમા કંપનીની થાય કારણ કે સામાવાળાએ કામદાર વળતર ધારા તળે વર્કમેન પોલીસી લીધેલ હોવાથી વળતર ચુકવવામાંથી સુરક્ષીત છે. તેમજ આ બનાવ અંગેની સંપુર્ણ જાણ તમામ પ્રકારની જાણ વીમા કંપની ને નિયત સમય મર્યાદામાં કરવામાં આવેલ છે અને વીમા કંપની આ બનાવ અંગે અગાઉથી જ વાકેફ છે. આ કામના અરજદાર ધ્વારા હાલના આ કેસમાં તેમનો કહેવાતો અકસ્માત થયા અંગેના કોઈ દસ્તાવેજો કે મેડીકલ પેપર્સ કે પોલીસ પંચનામા કે પોલીસ ફરીયાદ આ કામમાં રજુ કરવામાં આવેલ નથી. સામાવાળાએ તેમના પુરાવાના સોગંદનામામાં વધુમાં જણાવેલું છે કે, આ કામના અરજદારે સામાવાળા પાસેથી ફકત અને ફકત અનડયુ એડવાન્ટેજ મેળવવા હાલનો આ કેસ કરેલ છે.તે સંજોગોમાં આ

કામના અરજદારે સામાવાળા પાસેથી વળતર મેળવવાની અરજીમાં માંગેલ વળતર ની રકમ, વ્યાજ, પેનલ્ટી કે કોઈપણ દાદ મેળવવા કાયદેસર રીતે હકકદાર થતા ન હોય, હાલની અરજી ખર્ચ સહિત રદ કરવા અરજ કરેલ છે.

(૧૧/૩) સામાવાળાના વિ.વ.શ્રી.એ અરજદારની કરેલી ઉલટ તપાસમાં સામાવાળાએ એ વાત ખરી હોવાનુ જણાવેલું છે કે, હાલના અરજદારના ગુજરનાર પિતા મારી ફાર્મસીમાં નોકરી કરતા હતા. વધુમાં એ વાત ખરી હોવાનું જણાવેલું છે કે, તેમને ચુકવવામાં આવતા પગારના હિસાબોનુ રેકર્ડ રાખવામાં આવેલુ છે પરંતુ આ કેસમાં પગાર બાબતનુ રેકર્ડ તેમના ધ્વારા રજુ કરવામાં આવેલુ નથી. સામાવાળાએ વધુમાં ઉલટતપાસ દરમ્યાન જણાવેલું છે કે, તેમને અકસ્માતની કોઈ જાતમાહીતી નથી. સામાવાળાએ વધુમાં જણાવેલું છે કે, તેમને જાણ થયેલી કે, ફેકટરી બહાર ગુજરનારને હાર્ટ એટેક આવેલો હતો. સામાવાળાએ અરજદારના વિ.વ.શ્રી.ના એ સુચનનો ઈન્કાર કરેલો છે કે, બનાવના દિવસે તેઓ ફેકટરી ઉપર હાજર ન હતા અને તેમને હાર્ટ એટેકની જાણ બનાવના બીજા દિવસે થયેલી. સામાવાળાએ વાત ખરી હોવાનુ જણાવેલું છે કે,ઈબ્રાહીમભાઈ નામની વ્યકિત તેમની ફેકટરીમાં કામ કરતા હતા. સામાવાળાએ અરજદારના વિ.વ.શ્રી.ના એ સુચનનો ઈન્કાર કરેલો છે કે બનાવના દિવસે ફેકટરીમાં ગુજરનારને માથામાં ઈજા થતા પેરેલીસીસનો એટેક આવતા દવાખાને લઈ ગયેલા. વધુમાં સામાાવાળાએ ઉલટતપાસમાં જણાવેલું છે કે, સદરહુ ઈબ્રાહીમભાઈ ગુજરી ગયેલ છે કે કેમ? તેની તેમને માહીતી નથી. તેમણે એ વાત ખરી હોવાનો ઈન્કાર કરેલ છે કે તેમણે ગુજરનારને કોઈ રકમ ચુકવેલ નથી. તેમણે ગુજરનારને કેટલી રકમ ચુકવી છે તે તેમને યાદ નથી અને તે અંગેનો આધાર અત્રેના કેસમાં રજુ કરેલો છે કે કેમ? તેની પણ તેમને ખબર નથી. સામાવાળાએ વાત ખરી હોવાનું જણાવેલું છે કે, ગુજરનારને સંસ્થાએ કોઈપણ જાતનુ વળતર ચુકવેલું નથી. સામાવાળાએ વધુમાં જણાવેલું છે કે, ગુજરનારને દવાખાનાના તથા સારવારના પૈસા આપેલા.વધુમાં સામાવાળાએ એ વાત ખરી હોવાનુ જણાવેલું છે કે,તે સારવારના પૈસાના વાઉચર બનાવેલા છે. સામાવાળાએ ત્યારબાદ જણાવેલું છે કે, તેની તેમને ચોકકસ ખબર નથી. સામાવાળાએ ઉલટતપાસમાં એ વાત ખરી હોવાનુ જણાવેલું છે કે, સારવારના પૈસા સંસ્થામાંથી આપવામાં આવેલા અને તેનો હિસાબ રાખવામાં આવે છે. સામાવાળાએ અરજદારના વિ.વ.શ્રી.ના એ સુચનનો ઈન્કાર કરેલો છે કે સારવારના પૈસા નહી આપેલા હોવાથી આ કામમાં હિસાબો રજુ કરવામાં આવેલા નથી. સામાવાળાએ અરજદારના વિ.વ.શ્રી.ના એ સુચનનો ઈન્કાર કરેલો છે કે,

ગુજરનારને ફેકટરીમાં જ ઈજા થયેલી અને ફેકટરીમાંથી જ દવાખાને લઈ જવામાં આવેલા. અને અરજદારને વળતર ચુકવવુ ન પડે તે માટે ખોટી જુબાની આપેલી છે.

- **મુદા નં.૧ :**

(૧૨) અત્રેના કેસમાં પ્રથમ એ નિર્ણય કરવો જરૂરી છે કે,ગુજરનાર અરજદાર અને સામાવાળા વચ્ચે માલીક –કર્મચારીનો સબંધ હતો.

(૧૨/૧) અત્રેના કેસમાં ગુજરનાર અરજદારે તેમની અરજીમાં તથા અરજદાર નંબર : ૧ એ તેમના પુરાવાની એફીડેવીટ ૨૮માં જણાવેલું છે કે, ગુજરનાર અરજદાર સામાવાળાની ફાર્મસીમાં કાયમી કામદાર તરીકે રૂા.૪૦૦૦/–ના વેતનથી ફરજ બજાવતા હતા. સામાવાળાએ તેમના પુરાવામાં અરજદારના વિ.વ.શ્રી.એ કરેલી ઉલટતપાસ આંક : ૪૭માં અરજદારના ગુજરનારના પિતા તેમની ફાર્મસીમાં નોકરી કરતા હતા તેમ જણાવેલું છે જેથી એ હકીકત પુરવાર થાય છે કે, ગુજરનાર અરજદાર તથા સામાવાળા વચ્ચે માલીક–કર્મચારીનો સબંધ હતો. જેથી મુદદા નંબર : ૧નો નિર્ણય હકારમાં ઠરાવવામાં આવે છે.

- **મુદા નં. ૨ :**

(૧૩) અત્રે વધુમાં એ મુદદો નિર્ણીત કરવાનો છે કે, શું અરજદારને સામાવાળા ને ત્યાં ફરજ દરમ્યાન અને ફરજના કારણે ઈજા થયેલી છે?

(૧૩/૧) અરજદારોના વિ.વ.શ્રી એ તેમની દલીલોમાં મુળ ગુજરનાર અરજદારે અત્રેની અરજીમાં તથા અરજદાર નંબર:૧ એ તેમના પુરાવાની એફીડેવીટમાં જણાવેલી હકીકતો ઉપર તથા જી.જે.હોસ્પીટલ દ્વારા આપવામાં આવેલા ડીસચાર્જ કાર્ડ તથા ડીસએબીલીટી સર્ટીફીકેટ પર આધાર રાખી દલીલ કરી છે કે, ગુજરનાર મજીદભાઈ બાબુભાઈ સામાવાળાને ત્યાં તારીખ:૦૩/૦૩/૨૦૦૯ ના રોજ ફરજ બજાવતા હતા ત્યારે ચાલુ ફરજ દરમ્યાન અકસ્માતે પડી જતા શરીરના ભાગે ગંભીર ઈજા થયેલ અને તેથી તેને કાયમી ખોડ રહી જવા પામેલ તેમજ ખુબ જ લાંબી સારવાર ચાલેલ અને તેઓ કાયમી પથારીવશ રહેલ અને તેઓએ ૧૦૦ ટકા કમાવાની શકિત ગુમાવી દીધેલ હતી. આથી ગુજરનાર મજીદભાઈ બાબુભાઈ સામાવાળાને સામાવાળાની ફરજના સમય દરમ્યાન અને ફરજના સ્થળે ઈજા થયેલી અને તે ઈજાને કારણે થયેલ પેરાલીસીસ થયેલ હોવાનું અત્રેની સમરી કાર્યવાહીમાં પુરવાર થાય છે. મુળ અરજદાર

અત્રેના કેસની ચાલુ કાર્યવાહીમાં અવસાન પામેલા છે જેથી ગુજરનાર અરજદારના વારસો સામાવાળા પાસેથી અરજીમાં જણાવ્યા મુજબની વળતરની રકમ, વ્યાજ અને પેનલ્ટીની રકમ વસુલ મેળવવા હકકદાર છે.

(૧૩/૨ ) જયારે સામાવાળાના વિ.વ.શ્રી.એ તેમની દલીલમાં સામાવાળાએ રજુ કરેલો જવાબ તથા અરજદાર નંબર:૧ એ ઉલટતપાસમાં જણાવેલી હકીકતો અને સામાવાળાની પુરાવાની એફીડેવીટમાં જણાવેલી હકીકતો તથા મુળ અરજદારે કરેલ રેફરન્સ કેસમાં જણાવેલી હકીકતો ઉપર આધાર રાખી દલીલ કરી છે કે, અરજદારનો કોઈ પણ અકસ્માત તેઓ સામાવાળાની પ્રિમાઈસીસમાં થયેલ નથી. અરજદારને તારીખ:૦૩/૦૩/૨૦૦૯ના રોજ ફેકટરી પ્રીમાઈસીસની બહાર પેરેલીસીસનો એટેક આવેલ છે. જેથી અરજદારો સામાવાળા પાસેથી વળતરની કે અન્ય કોઈ દાદ મેળવવા હકકદાર નથી.

(૧૩/૩) અત્રેના કેસમાં મુળ ગુજરનાર અરજદારને તારીખ ૦૩/૦૩/૨૦૦૯ના રોજ પેરાલીસીસનો એટેક આવેલો છે તે હકીકત બીન તકરારી છે. જેથી એ બાબતો નિર્ણીત કરવાની રહે છે કે–

(૧) પેરાલીસીસનો એટેક સામાવાળાની ફાર્મસીમાં ફરજના સમય દરમ્યાન આવેલો કે કેમ? અને

(૨) ફાર્મસીમાંની ફરજને કારણે થયેલી ઈજાને કારણે પેરાલીસીસ થયેલ છે કે કેમ?

(૧૩/૪) અત્રેના કેસમાં પક્ષકારો રજુ થયેલા દસ્તાવેજી પુરાવા વંચાણે લેતાં જણાય છે કે, સામાવાળાએ તારીખ ૨૬/૦૪/૨૦૧૦ના રોજ યુનાઈટેડ ઈન્ડીયા ઈન્સ્યુરન્સ કંપનીને પત્ર આંક : ૭૨ લખેલ છે, જેમાં સામાવાળાએ વીમા કંપનીને જણાવેલું છે કે, તેમની ફેકટરીમાં મજીદભાઈ બાબુભાઈ પઠાણ કામ કરતા હતા. તા. ૦૩/૦૩/૨૦૦૯ના રોજ તેમને પેરાલીસીસનો એટેક આવેલ હતો. આજદિન સુધી સારવાર હેઠળ હતા. તો આ અંગે યોગ્ય કરવા વિનંતી.આથી સદરહું પત્રમાં મુળ અરજદારને ફરજ દરમ્યાન ઈજા થયેલાનું અને સદર ઈજાને કારણે પેરાલીસીસ થયાની કોઈ હકીકત જણાવવામાં આવી નથી. સામાવાળાએ તેમના કામદારોનો વિમો લીધો છે પરંતુ વીમા કંપનીએ સામાવાળાને લખેલ પત્ર આંક : ૭૩માં જણાવવામાં આવેલી હકીકત મુજબ અરજદારને સામાવાળાની નોકરીના કારણે પેરેલીસીસ થયેલ નહી

હોવાથી વીમા કંપનીએ કલેઈમ નામંજુર કરેલો છે.

(૧૩/૫) વધુમાં અત્રેના કેસમાં સામાવાળા ધ્વારા આંક : ૪૦થી મુળ અરજદાર મજીદભાઈ બાબુભાઈ પઠાણએ સામાવાળા વિરૂધ્ધ કરેલ રેફરન્સ કેસ નંબર : ૭૯/ ૨૦૧૦નો એવોર્ડ રજુ કરવામાં આવેલો છે. જેમાં મુળ અરજદારે તેઓને સામાવાળાએ તારીખ ૦૩/૦૩/૨૦૦૯થી ગેરકાયદેસર રીતે છુટા કર્યાની હકીકત જણાવી છે, પરંતુ સદરહું રેફરન્સમાં અરજદારે તેઓને તારીખ ૦૩/૦૩/૨૦૦૯ સામાવાળાની ફાર્મસીમાં ઈજા થયાની અને તે કારણે પેરેલીસીસ થયાની કોઈ હકીકત જણાવી નથી. સદરહું એવોર્ડ સંપુર્ણપણે વંચાણે લેતાં જણાય છે કે,ગુજરનાર કામદારને પેરેલીસીસ નો એટેક આવતા અશકત થવાને કારણે સામાવાળાની નોકરીમાંથી સ્વૈચ્છાએ ફરજ મુકત થયાનું પુરવાર થયેલ હોવાથી સદરહું રેફરન્સ નામંજુર કરવામાં આવેલો છે.

(૧૩/૬) વધુમાં અત્રેના કેસમાં અરજદાર ધ્વારા તેમની આંક : ૭૮થી જી.જે. હોસ્પીટલ જામનગર ધ્વારા આપવામાં આવેલ ડીસ્ચાર્જ કાર્ડની ઝેરોક્ષ નકલ રજુ કરી છે. જેમાં અરજદારની સારવારની વિગતો જણાવવામાં આવી છે. જેમાં અરજદારને કોઈ ઈજા કે ફેકચર થયાની કોઈ વિગત નથી. વધુમાં અરજદાર ધ્વારા આંક : ૭૯થી ડીસએબીલીટી સર્ટીફીકેટ રજુ કરવામાં આવેલું છે. જે કોર્ટ માં પુરાવા તરીકે રજુ થઈ શકે નહી તેવી નોંધ સાથેનું છે. સદરહું સર્ટીફીકેટ તારીખ ૨૭/૦૬/૨૦૧૨ના રોજનું છે અને તેમાં અરજદારને અકસ્માતને દીવસે થયેલી ઈજા અંગેની કોઈ હકીકત જણાવવામાં આવી નથી. અત્રેના કેસમાં અરજદારો ધ્વારા ગુજરનાર અરજદારને બનાવના દિવસે તારીખ:૦૩/૦૩/૨૦૦૯ ના રોજ માથામાં ઈજા થયેલી તે દર્શાવતો કોઈ પુરાવો અત્રેના કેસમાં રજુ કરવામાં આવેલો નથી. વધુમાં અરજદાર નંબર : ૧ એ સામાવાળાના વિ.વ.શ્રી.ની ઉલટતપાસ દરમ્યાન એ હકીકત જણાવી છે કે, તેમના પતિ કારખાનામાં કામ કરતા પડી ગયા હતા તેવું દર્શાવતો કોઈ દસ્તાવેજી આધાર તેમની પાસે નથી. અત્રેના કેસમાં અરજદારો ધ્વારા સામાવાળા ફાર્મસીમાં કામ કરતા અન્ય કોઈ સાથી કર્મચારી નો કે ગુજરનાર અરજદારને દવાખાને સારવાર માટે લઈ જનારનો કે સારવાર કરનાર ડોકટરનો પુરાવો રજુ કરવામાં આવેલો નથી. અત્રેના કેસમાં રજુ થયેલા કોઈ પણ દસ્તાવેજથી મુળ ગુજરનાર અરજદારને તારીખ: ૦૩/૦૩/૨૦૦૯ના રોજ સામાવાળા ની ફરજ બજાવતા ફરજના સ્થળે પડી ગયેલા અને માથામાં ઈજા થયેલી તેવી હકીકત જણાય આવતી નથી. વધુમાં મુળ અરજદારે અત્રેનો કેસ બનાવ તારીખ ૦૩/૦૩/ ૨૦૦૯ના રોજ બનેલ હોવા

છતાં સને ૨૦૧૨માં વિલંબ માફીની અરજી રજુ કરી અત્રેનો  કેસ દાખલ કરેલો છે. વધુમાં ગુજરનાર અરજદારે  જ સામાવાળા વિરૂઘ્ધ દાખલ કરેલા રેફરન્સ કેસ નંબર : ૭૯/૨૦૧૦માં (આંક : ૪૦) સામાવાળા સંસ્થામાં સામાવાળા ની ફરજ બજાવતા ઈજા થયેલી અને પેરેલીસીસ થયેલો તેવી કોઈ હકીકત જણાવી નથી તેમજ સદરહું રેફરન્સમાં અરજદારે સ્વૈચ્છાએ સામાવાળાની નોકરી છોડી હોવાની હકીકત પુરવાર થયેલી છે તે તમામ હકીકતો ઘ્યાને લેતાં સામાવાળાની સંસ્થામાં મુળ અરજદાર બનાવના દિવસે તારીખ ૦૩/૦૩/૨૦૦૯ના રોજ સામાવાળાની ફરજના સમય દરમ્યાન અને ફરજના સ્થળે પડી ગયેલા અને માથામાં ઈજા થયેલી અને તે કારણે પેરાલીસીસ થયાની હકીકત પુરવાર થયેલી નથી જેથી મુદદા નંબર : ૨ નો નિર્ણય નકારમાં ઠરાવવામાં આવે છે.

- <u>મુદા નં. ૩ :</u>

(૧૪)  અત્રે વધુમાં એ મુદદો નિર્ણીત કરવાનો છે કે, શું અરજદારને ઈજાને કારણે કાયમી ખોડ આવેલી છે? જો હા તો કેટલી?

(૧૪/૧)  ઉપરોકત મુદદા નંબર :૨ માં ઠરાવ્યા મુજબ મુળ અરજદારને પેરાલીસીસ થયેલ છે પરંતુ બનાવના દિવસે તેઓ ફરજના સમયે અને સ્થળે પડી ગયેલા અને માથામાં ઈજા થયેલી અને તે કારણે પેરાલીસીસ થયેલાની હકીકત પુરવાર થયેલી નથી. જેથી મુદદા નંબર : ૩ નો નિર્ણયનો નકારમાં ઠરાવવામાં આવે છે.

- <u>મુદા નં. ૪ :</u>

(૧૫)  અત્રે વધુમાં એ મુદદો નિર્ણીત કરવાનો છે કે, બનાવ સમયે અરજદાર ની આવક અને ઉંમર શું હતી?

(૧૫/૧)  અત્રેના કેસમાં મુળ અરજદારે અત્રેની અરજીમાં અકસ્માત સમયે તેમની ઉંમર : ૫૦ વર્ષની હોવાનું જણાવેલું છે. વધુમાં અરજદાર નંબર : ૧એ તેમના પુરાવાના સોંગદનામામાં આંક : ૨૮માં જણાવેલું છે કે  તેમના પતિ સામાવાળાની ફાર્મસીમાં રૂા.૪૦૦૦/- ના વેતનથી ફરજ બજાવતા હતા. ગુજરનારની અકસ્માત સમયની ઉંમર અને પગાર બાબતે ઉપરોકત પુરાવા સિવાય કોઈ પુરાવો રજુ થયેલો નથી. સામાવાળા ઘ્વારા અરજદાર ઘ્વારા રજુ થયેલા ઉપરોકત પુરાવાનું ખંડન કરતો કોઈ પુરાવો રજુ થયેલો નથી જેથી બનાવ સમયે અરજદારની ઉંમર ૫૦ વર્ષ અને

માસિક પગાર રૂા. ૪૦૦૦/– હોવાનું પુરવાર થાય છે.

- <u>મુદા નં. ૫ , ૬ અને ૭ :</u>

(૧૬) અત્રે વધુમાં એ મુદદો નિર્ણીત કરવાનો છે કે,શું અરજદાર સામાવાળાઓ પાસેથી વળતરની રકમ વસુલ મેળવવા હકકદાર છે? જો હા તો કેટલી રકમ ? તેમજ શું અરજદારો વળતરની રકમ ઉપર વ્યાજ અને પેનલ્ટીની રકમ સામાવાળા પાસેથી મેળવવા હકકદાર છે કે કેમ?

(૧૬/૧) ઉપરોકત મુદદા નંબર : ૨ માં ઠરાવ્યા મુજબ મુળ અરજદારને તારીખ ૦૩/૦૩/૨૦૦૯ના રોજ પેરાલીસીસ થયેલ છે પરંતુ બનાવના દિવસે તેઓને ફરજના સમયે અને સ્થળે પડી ગયેલા અને માથામાં ઈજા થયેલી અને તે કારણે પેરાલીસીસ થયેલાની હકીકત પુરવાર થયેલી નથી. જેથી અરજદારો સામાવાળા પાસેથી વળતરની રકમ, વ્યાજની રકમ કે પેનલ્ટીની રકમ મેળવવા હકકદાર નથી જેથી મુદદા નંબર :૫ અને ૬ નો નિર્ણય નકારમાં ઠરાવવામાં આવે છે. સદરહું હકીકતોએ અરજદારો કોઈ દાદ મેળવવા હકકદાર નહી હોવાથી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## <u>:: હુકમ ::</u>

(૧) અત્રેની અરજીના અરજદારોની સામાવાળા પાસેથી અકસ્માત વળતર ની રકમ વસુલ મેળવવાની અરજી નામંજુર કરવામાં આવે છે.

(૨) પક્ષકારોએ અત્રેની કાર્યવાહીનો પોતપોતાનો ખર્ચ પોતે ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ ૩૦/૦૪/૨૦૨૨ના રોજ જાહેર કર્યો.

જામનગર.
તા.૩૦/૦ ૪/૨૦૨૨.

**(જયેશ બી. પરીખ)**
કર્મચારી વળતર ધારા હેઠળના કમિશ્નર
જામનગર.
(જીજે ૦૦૪૧૪)